વાપી મહાનગરપાલિકા - વાપી
૩૯૬૧૯૧, તા- વાપી, જી- વલસાડ
(ટાઉન પ્લાનીંગ વિભાગ)

અધિસુચન

વાપી શહેરી વિકાસ સત્તામંડળની મુસદ્દારૂપ વિકાસ યોજના - ૨૦૪૫

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૩(૧) હેઠળ તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ના નિયમ-૫ અન્વયે

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : GH/V/206 of 2025/UDUHD/MSM/e-file/18/2025/0139/L, તા. ૨૩-૦૬-૨૦૨૫ થી વાપી શહેરી વિકાસ સત્તામંડળ, વાપીની રચના કરવામાં આવેલ છે. તેમજ ઉક્ત જાહેરનામાંના મુદ્દા નં.૭ ની જોગવાઈથી વાપી શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬(જેનું આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૨૩(૧) હેઠળના કરવાના થતાં તમામ કાર્યો અને સત્તાની સોપણી ઉક્ત અધિનિયમની કલમ ૨૩(૨) હેઠળ વાપી મહાનગરપાલિકાને સોપવામાં આવેલ છે.

વાપી મહાનગરપાલિકા દ્વારા સદરહુ અધિનિયમની જોગવાઇઓ અનુસરી નિયમોનુસાર મુસદ્દારૂપ વિકાસ યોજનાની પ્રારંભિક દરખાસ્તો તૈયાર કરેલ છે. જેને તા.૧૬-૧૦-૨૦૨૬ ના રોજ યોજાયેલ વાપી મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિ દ્વારા ઠરાવ નં.૦૧ થી મંજૂરી મળેલ છે. તેમજ સદર દરખાસ્તને તા.૩૦-૧૦-૨૦૨૬ ના રોજ યોજાયેલ સામાન્ય સભાના ઠરાવ નં. ૩૩ થી બહાલી આપવામાં આવેલ છે. સદરહુ અધિનિયમની કલમ-૯(૧) હેઠળની જોગવાઇઓ અનુસરી વાપી શહેરી વિકાસ સત્તામંડળની મુસદ્દારૂપ વિકાસ યોજના-૨૦૪૫ને સરકારશ્રીમાં સાદર કરેલ છે.

સદરહુ અધિનિયમની કલમ-૧૩ ની પેટા કલમ(૧) અનુસાર વાપી મહાનગરપાલિકા આથી નોટીસ આપી જણાવે છે કે, ગુજરાત રાજ્યના રાજ્યપત્રમાં મુસદ્દારૂપ વિકાસ યોજના - ૨૦૪૫ પ્રસિધ્ધ થયાના તારીખથી બે માસની મુદતની અંદર તેના સંબંધમાં કોઈપણ વ્યક્તિ પાસેથી મળે તેવા કોઈ વાંધા અને સૂચનો આધારા પુરાવા સહિત લેખિત રીતે નીચે સહી કરનારને બે નકલમાં રૂબરૂ/રજી.પોસ્ટથી મોકલવાના રહેશે. આવેલ વાંધા સૂચનો અન્વયે સદરહુ અધિનિયમની આનુસાંગીક જોગવાઇઓ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

મુસદ્દારૂપ વિકાસ યોજના ૨૦૪૫ અનુસૂચિમાં દર્શાવેલ વિગતો સહિત વાપી મહાનગરપાલિકાની ટાઉન પ્લાનીંગ શાખાની કચેરીમાં સરકારી જાહેર રજાના દિવસો સિવાય કચેરીના કામકાજના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખવામાં આવેલ છે.

અનુસૂચિ:-

(૧) વાપી શહેરી વિકાસ સત્તામંડળ મુસદ્દારૂપ વિકાસ યોજનાનો અહેવાલ
(૨) વાપી શહેરી વિકાસ સત્તામંડળ મુસદ્દારૂપ વિકાસ યોજનાનો બેઝમેપનો નક્શો
(૩) વાપી શહેરી વિકાસ સત્તામંડળ મુસદ્દારૂપ વિકાસ યોજનાનો હયાત જમીન વપરાશનો નક્શો
(૪) વાપી શહેરી વિકાસ સત્તામંડળ મુસદ્દારૂપ વિકાસ યોજનાનો સૂચિત જમીન વપરાશનો નક્શો

સ્થળ: વાપી

કચેરીનું સરનામું:
ટાઉન પ્લાનીંગ શાખા, વાપી મહાનગરપાલિકા વાપી ટાઉન પોલીસ સ્ટેશન પાસે,
તા-વાપી,જિ. વલસાડ-૩૯૬૧૯૧.

નં. માહિતી/વલસાડ/૫૪૮/૨૦૨૬

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
વાપી મહાનગરપાલિકા